કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે યોજાયેલ ચોમાસું ઋતુ પૂર્વેનું ખેડૂત સંમેલન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા ખાતે તા. ૧૪-૭-૧૫ના રોજ ચોમાસું ઋતુ પૂર્વેના ખેડૂત સંમેલનનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જિલ્લાના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહેલ. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ કે ખેડૂતોએ ખાતર, દવા અને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવો જોઈએ જેથી ખેતીમાં ખર્ચનું પ્રમાણ ઘટાડી ઉત્પાદન અને નફાનું પ્રમાણ વધારી શકાય તેમજ કૃષિમાં સંશોધન થતી નવી તકનીકોનો ખેડૂતોએ પોતાના ખેતરમાં મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. કેન્દ્રના નિયામકશ્રી ડૉ. વી. કે. ગર્ગ દ્વારા ખેડૂતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ વિષે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવેલ. આ ઉપરાંત કેન્દ્ર દ્વારા ચાલતી કિસાન મોબાઈલ સંદેશ સેવાનો જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો લાભ લે એવી અપીલ કરવામાં આવેલ.

કેન્દ્રના વિષય નિષ્ણાંતો દ્વારા ચોમાસુ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ તેમજ પશુઓમાં આવતા રોગોનું નિરાકરણ જેવા વિષયો ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમ દરમ્યાન ખેડૂતોને નિદર્શન મુલાકાત, આધુનિક કૃષિ મશીનરીઓના પદ્ધતિ નિદર્શનો, કૃષિ પ્રદર્શન, પ્રગતિશીલ ખેડૂતોના અભિપ્રાયો અને અનુભવો તેમજ ચોમાસુ ખેતી પાકોની પુસ્તિકાનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં જિલ્લાના જુદા જુદા ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત ભાગ્ય વિધાતા નાટક યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ભારતરત્ન ડૉ. બાબા સાહેબની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે ડૉ. આંબેડકરના જીવન પર આધારિત ભારત ભાગ્ય વિધાતા નાટક યોજાશે. તા. ૧૭ જુલાઈ શુક્રવાર સાંજે ૭.૩૦ કલાકે સે-૧૨ સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત મોડિટોરિયમ હોલમાં નાટક યોજાશે. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે નીતિનભાઈ પટેલ મંત્રી ગુજરાત રાજય, ઉદઘાટક તરીકે રમણલાલ વોરા, મંત્રી ગુજરાત સરકાર, મુખ્ય મહેમાન તરીકે હિનાબેન પટલે, જ.પં. પ્રમુખ, અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય શંભુજી ઠાકોર, અશોકભાઈ પટેલ અને આશિષભાઈ દવે, ચેરમેન ગુડા ઉપસ્થિત રહેશે.

સેક્ટર-૧૩-એ ખાતે આંબેડકરના જીવનકવન પર ભવાઈવેશ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડૉ. બાબા સાહેબની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષ ઉજવણી નિમિત્તે ડૉ. આંબેડકરના જીવનકવન પર ભવાઈવેશના કાર્યક્રમો યોજવામાં આવશે.

સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ અને રમત-ગમત યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આગામી ૧૮ જુલાઈ શનિવાર રાત્રે ૮.૦૦ વાગે સે.૧૩-એ અંબિકા ચોક ખાતે ભવાઈવેશના કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી ગાંધીનગરે જણાવ્યું છે.

મા... તે... મા... બીજા બધા વગડાના વા...

મોડાસાના જીતપુર ગામે મંદબુધ્ધિના શિવાની સતત ૩૦ વર્ષથી સેવા સુશ્રુષા કરતી માતા

મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના જીતપુર ગામે મા તે મા બીજા બધા વગડાના વા અને છોરું કછોરું થાય... પણ માવતર કમાવતર ના થાય. આ કહેવતને અનુરૂપ જીવંત દૃશ્યો જોવા મળી રહ્યા છે. જીતપુર ગામમાં માનાભાઈ પટેલ અને શારદાબેન પટેલના ત્યાં જન્મેલો બાળક શિવો મંદબુધ્ધિનો હોવાથી તેને રોજીંદી દાતણ પાણી, શૌચક્રીયા ઈત્યાદી આદી કોઈ જ ક્રિયા પ્રક્રિયાનું ભાન જ નથી. માતા શારદાબેન ૩૦ વર્ષથી ખડેપગે આ બધી ક્રિયાઓ સતત કરાવી રહ્યા છે. ઘડપણમાં માતા પિતાનો સહારો બનવાને બદલે માતા પિતા દ્વારા કરાતી શિવાની ચાકરી આજના આધુનિક યુગમાં અનેક માતાઓ માટે પ્રેરણારૂપ દૃષ્ટાંત છે.

મોડાસા તાલુકાના જીતપુર ગામમાં ૧૯૮૬માં પોતાના વહાલ સોયા દિકરા રાજેન્દ્ર ઉર્ફે શિવો તેની સેવા સુશ્રુષામાં ૨૪ કલાક ગળાડુબ પરિવાર આ રાજેન્દ્ર ઉર્ફે શિવાની કે કહો કે ઘરની કમસીબી પણ શિવો એટલો તો મંદબુધ્ધિનો જન્મ્યો કે જેને રોજીંદી દાતણ, પાણી શૌચક્રિયા ઈત્યાદી આદિ ક્રિયા કોઈ પ્રક્રિયાનું ભાન જ નથી. આજથી ૩૦ વર્ષપહેલા જીતપુર ગામના પટેલ પરિવારમાં માનાભાઈના ત્યાં પારણું બંધાયું હતું. દિકરાનો જન્મ થતા અનરો આનંદ થયો હતો અને બાળકનું નામ રાખવામાં આવ્યુંરાજેન્દ્ર ઉર્ફે શિવો. શિવો બે વર્ષનો થયો પરંતુ ન બોલે કે ન ચાલે આથી માનાભાઈ અને તેમના ધર્મપત્નિ શારદાબેન મોડાસા તદ ઉપરાંત અમદાવાદની મોટી મોટી હોસ્પિટલોમાં ભમી ઉઠયા પરંતુ બધી જ જગ્યાએથી તબીબો દ્વારા એક જ સચોટ નિદાન કરવામાં આવ્યું કે શિવો ૧૦૦ ટકા મંદબુધ્ધિનો છે પરંતુ મતા પિતાને તબીબોની વાત પર વિશ્વાસ ન બેસતો. પરીવાર દ્વારા જંતર-મંતર, ભુત ભુવા, બાધા આખડીઓનો પણ સહારો લેવામાં આવ્યો છતાં શિવો શિવો જ રહ્યો. આજકાલ કરતા શિવો ૩૦ વર્ષનો યુવાન થયો છે. પરંતુ તેની દરેક ક્રિયા માતા શારદાબેન ખડેપગે કરાવી રહ્યા છે. શિવો મંદબુદ્ધિનો હોવાથી કયારેક મસ્તીએ ચઢતો હોવાથી ઘરમાં તોફાન મચાવી મુકે છે. એકવાર ઘરમાં પડેલ કેરોસીનના કેરબામાંથી કેરોસીન છાંટી અમસ્તા દિવાસળીની આગથી શરીરે દાઝી પણ ગયો તો જેથી તેના પરિવાર દ્વારા ઘરની ચોપાડમાં જ પોતાના વ્હાલ સોયા દિકરાની કોઈ મજાક ન ઉડાવે તે માટે ઘરની ચોપાડમાં નાની સરખા જાડીની રૂમ બનાવી ત્યાં રાખવો પડયો છે. પણ ઓરડીમાં શિવો ઠરીને બેસતો ન હોઈ તેને ઓરડીમાંથી બહાર કાઢી એક દોરડાથી બાંધી રાખવામાં આવે છે.

આ દંપતિ કુદરતી કરામત આગળ લાચાર છે. હજુ પણ દંપત્તિએ ભગવાન ઉપર અને પોતાની ભકિત પર વિશ્વાસ જતાવતા શિવો એક દિવસ તો સામાન્ય થઈ જશે તેવી વાટ જુએ છે.

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ હેઠળ મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા મહિલા સશક્તિકરણનાં ભાગરૂપે જુદી જુદી શાળા-કોલેજોમાં સ્વબચાવની શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં આવી જ એક ૧૫ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સેક્ટર - ૩૦ સ્થિત પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે યોજાઈ ગઈ.

વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી યોજાયેલ આ શિબિરમાં માધ્યમિક શાળાની ૯૦ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. કરાટે અકેડમીનાં કોચ સુરજભાઈ ત્રિપાઠી તથા તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીનીઓને હાથ અને પગનો હથિયાર તરીકે ઉપયોગ કરીને કેવી રીતે સામેની વ્યક્તિ ઉપર પ્રહાર કરી શકાય તથા પોતાના ઉપર પ્રહાર થાય ત્યારે કેવી રીતે બચાવ કરી શકાય તેનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

યુવા આઈપીએસ અધિકારી એએસપી કરણરાજ વાઘેલાએ પોતાના વક્તવ્યમાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટનો હેતુ સમજાવ્યો હતો. તેમણે વિદ્યાર્થીનીઓને પોલીસથી ન ડરવાની સલાહ આપી શીખેલી વિદ્યાનો જરૂર પડે ત્યારે ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે જે વ્યક્તિનાં જીવનમાં આત્મવિશ્વાસ અને અનુશાસન છે તે વ્યક્તિ સફળ બને છે. કરાટેનાં અભ્યાસથી વ્યક્તિનો આત્મવિશ્વાસ વધે છે અને જીવનમાં અનુશાસનના ગુણોનો વિકાસ થાય છે.

કરાટે અકેડમીનાં વડા શિહાન અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની કળાનું મહત્વ સમજાવી ૧૫ દિવસો દરમ્યાન મેળવેલ જ્ઞાનનો નિયમિત અભ્યાસ કરતા રહેવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર બી. એમ. સોલંકીએ વિદ્યાર્થીનીઓને આવી ઉપયોગી કળાને જીવન સાથે વણી લેવા અનુરોધ કર્યો હતો. રોટરી ક્લબનાં પ્રમુખ મનોજભાઈ સરૈયાએ વિદ્યાર્થીનીઓને આ કળાનો સમય આવે ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી.

વિદ્યાર્થીનીઓએ તેમણે શીખેલી વિદ્યાનું સામુહિક નિદર્શન કર્યું હતું. ત્યારબાદ કેટલીક વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું નિદર્શન કરવામાં આવ્યું હતું. પછી સ્ટ્રીટ ફાઈટનું નિદર્શન કરી અંતમાં રોમાંચક એવું બ્રેકીંગ કરવામાં આવ્યું હતું. નિદર્શન જોઈ મંચસ્થ મહાનુભાવોએ માત્ર ૧૫ દિવસમાં મેળવેલ જ્ઞાનથી સંતોષ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મંચ સંચાલન શાળાનાં શિક્ષક નરેન્દ્રસિંહ ચૌહાણે કર્યું હતું.

ભારત વિકાસ પરિષદનું રથયાત્રા નિમિત્તે સ્વચ્છતા અભિયાન

ભારત વિકાસ પરિષદ દ્વારા તા. ૧૮મી જુલાઈના રોજ રથયાત્રાના દિવસે અનોખી રીતે સ્વચ્છતા અભિયાનની ઉજવણી કરનાર છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા પસાર થતી વખતે ઘ-૨ થી સે-૭ શોપીંગ સેન્ટર સુધી સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. રથયાત્રા પસાર થતી વખતે જે કચરો ભેગો થાય છે તેની સફાઈ કરવામાં આવશે. ભારત વિકાસ પરિષદ ગાંધીનગરના જાગૃત નગરજનોને તેમજ સેવા કેન્દ્ર ચલાવતા ભાવિક ભકતોને નમ્ર અપીલ કરે છે. રથયાત્રા પસાર થયા બાદ સેવા કેન્દ્રની આસપાસ સફાઈ કરીને સ્વચ્છ ગાંધીનગર બનાવવામાં સહકાર આપીને રણછોડરાયજીની રથયાત્રાને ઉત્સાહ અને ઉમંગથી વધાવીએ.

જલારામ સેવા સમાજ તેજસ્વી તારલાઓનું સન્માન યોજશે

શ્રી જલારામ સેવા સમાજ દર વર્ષે લોહાણા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજે છે. ચાલુ સાલે પણ સંસ્થાનો વિદ્યા પુરસ્કારનો કાર્યક્રમ યોજાનાર છે. સમાજના સભ્યોના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને પોતાની પ્રમાણિત કરેલ માર્કશીટની નકલ (પાછળ સરનામું, મોબાઈલ નંબર લખેલ) મેનેજરશ્રીને તા. ૩૧મી જુલાઈ સુધી જમા કરાવી દેવા જણાવવામાં આવે છે. કાર્યક્રમની તારીખ દરેક સભ્યોને જણાવવામાં આવશે તેમ શ્રી જીતેન્દ્રકુમાર સોજાણી પ્રમુખશ્રી, શ્રી સેવંતીલાલ જે. ઠકકર-મંત્રીશ્રી જલારામ સેવા સમાજે જણાવેલ છે.

ઉઠમણું

સ્વ. તારક અંબરીશભાઈ ઓઝાનું ઉઠમણું તા. ૧૬-૭-૦૧ પને ગુરૂવારના રોજ રામેશ્વર મંદિર, સેકટર-૩-ડી, ગાંધીનગર ખાતે સાંજે ૫ થી ૬.૩૦ કલાક દરમિયાન રાખેલ છે.

આજે સેકટર-૩-એમાં આનંદનો ગરબો યોજાશે

બહુચરમાનો આનંદનો ગરબો શ્રીમતી ઈલાબેન અશ્વીનભાઈ પટેલ પ્લોટ નં. ૧૧/૨, સેકટર-૩-એ માં શ્રીમતી ભાવનાબેન ગોકલાણીના ક્રંઠે તા. ૧૬ જુલાઈના બપોરે અઢી વાગે યોજાશે તેમ શ્રીમતી પ્રફુલ્લાબેન ભાવસાર મહિલા પ્રમુખશ્રીએ જણાવેલ છે.

વસતિ શિક્ષણ સપ્તાહ યોજાયો

તાલુકાના સાદરામાં આવેલ ગુજરાત વિદ્યાપીઠમાં વસતિ શિક્ષણ સપ્તાહ યોજાયો હતો. જેમાં વસતિ નિયંત્રણમાં યુવાનોની ભૂમિકા વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વસતિ દિવસ અંતર્ગત વિદ્યાર્થીઓને વિશેષ માહિતી પુરી પાડવામાં આવી હતી. વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શબ્દાવલી - ૫૭૮૯



આડી ચાવી

૧. બેશક, કોઇ શક વગર(૪)
૨. શ્રીલંકા (૩)
૬. હિંસક પ્રાણી, ટાઇગર (૨)
૭. જામીનગીરી (૪)
૮. લાગવગીયુ (૪)
૧૦. સંગ્રામ, યુદ્ધ (૩)
૧૧. ડાભડો, એક પ્રકારનું ઘાસ (૨)
૧૩. વ્હીકલ (૩)
૧૪. ફળનું ઝૂમખું (૨)
૧૬. સોજી જેનો શીરો બને (૨)
૧૮. રદ, બાતલ (૩)
૨૦. ડોકું કાઢવું (૩)
૨૧. ખરાબ ચાલચલન વાળુ(૫)

ઊભી ચાવી

૧. વિધવા, પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી (૨)
૨. લઘુતાગ્રંથિ (૫)
૩. સિમાડો, બોર્ડર (૨)
૪. પૈસાની મદદ (૨)
૫. નીચા માથે, નમેલું (૫)
૭. એક ફળ (૪)
૯. ઊંડુ (૩)
૧૦. લગ્ન (૩)
૧૨. એક રમકડું, ગરિયો (૪)
૧૫. અસફળનું વિરોધી (૩)
૧૭. નાનો વહેળો, નાળુ (૩)
૧૮. હર્ષ, આનંદ ખુશાલી (૨)
૧૯. જવું તે, ચાલવું (૨)

શબ્દાવલી ૫૭૮૮ના જવાબ

આડી ચાવી :- (૧) પરસેવો (૪) પતન (૬) સસલું (૭) કદ (૮) બોલાચાલી (૧૦) વોલીબોલ (૧૩) પગલા (૧૫) પડકુ (૧૬) લત (૧૭) કણકી (૧૮) ખપ (૨૦) ખાતર (૨૧) જીરવવું (૨૨) તરત

ઊભી ચાવી :- (૧) પસતાવો (૨) રસ (૩) સેલુ (૪) પદચાપ (૫) નટ (૭) કલા (૮) બોલકુ (૯) લીગલ (૧૧) લીપણ (૧૨) બોડકી (૧૪) લાતમલાત (૧૭) કણજી (૧૮) ખત (૧૯) પરત (૨૦) ખાવુ

આવડતું નથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

૪ના પરિણામોની તુલનામાં માત્ર બી ગ્રેડની શાળાઓની સંખ્યામાં નોંધાયેલા વધારાને બાદ કરતાં તમામમાં ઘટાડો નોંધાયો છે.

ગુણોત્સવના આ મૂલ્યાંકનમાં સરકારી શાળા ઉપરાંત અનુદાન મેળવતી શાળાઓના નબળા પરિણામને લઈ શિક્ષણ પ્રેમીઓમાં પણ નિરાશા પ્રસરી જવા પામી છે. જિલ્લાની શાળાઓના જો પરિણામ પર નજર કરીએ તો અત્યંત નિરાશાજનક માર્કસ શાળાઓને મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ધો-૨ થી ૫માં ૧૦ શાળાઓ એવી છે જેમને ગુણોત્સવમાં ૦ થી ૨ માર્કસ મળ્યા છે તો ૧૮ શાળાઓ એવી છે જેમને ૨ થી ૪ માર્કસ મળ્યા છે. ૧૬૭ શાળાઓ એવી છે જેમને ૪ થી ૬ ગુણાંક પ્રાપ્ત થયા છે. ૪૨૭ શાળાઓને ૬ થી ૮ ગુણ પ્રાપ્ત થયા છે. જયારે ૩૬ શાળાઓને જ ૯ થી ૧૦ ગુણાંક પ્રાપ્ત થયા છે.

ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં જોઈએતો ૦ થી ૨ ગુણ ૧ શાળાને પ્રાપ્ત થયા છે. ૧૦૦ શાળાઓ એવી છે જેમને માત્ર ૨ થી ૪ ગુણ પ્રાપ્ત થયા છે. ૩૧૮ શાળાઓ એવી છે જેમને ૪ થી ૬ ગુણ પ્રાપ્ત થયા છે. ૧૩૮ શાળાને ૬ થી ૮ ગુણ અને ૧૨૯ શાળાઓને ૮ થી ૧૦ ગુણ પ્રાપ્ત થયા છે.

લેખનમાં જિલ્લાના વિદ્યાર્થીઓનું સૌથી નબળુ પરફોમન્સ રહ્યું છે. ભાષાના અને ગણિતમાં પણ જિલ્લાના ચારેય તાલુકામાં નબળા પરિણામો આવ્યા છે.

ધો-૬ થી૮ના બાળકો હિન્દીમાં ૩.૭૯ થી ૪.૪૧ ગુણાંક મેળવી શકયા છે તો વિજ્ઞાનમાં ૩.૯૧ થી ૪.૮૪ ગુણાંક પ્રાપ્ત અને સંસ્કૃતમાં સરેરાશ ૪.૮૧ ગુણાંક પ્રાપ્ત થયા છે. બધા જ વિષયોના સરેરાશ ગુણાંક જોઈએ તો ૫.૧૨ ગુણાંક થાય છે જે ગુણવત્તા ને લઈ અત્યંત ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે.

જિલ્લામાં શિક્ષણની સંસ્થાઓમાં શિક્ષકોની ઘટ તો સમસ્યા છે જ પરંતુ સૌથી મોટી સમસ્યા બાળકમાં જિજ્ઞાસા વૃત્તિ અને શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ જગાવવામાં શિક્ષકોની નિષ્ફળતા કહેવી કે સામાજિક જાગૃતિનો અભાવ જવાબદાર ગણવો તે મુદ્દો હજુ પણ સૌને માટે વણઉકલ્યો રહ્યો છે.

અભિનવ અભિવ્યક્તિ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જેનો આરંભ આજે રાજયના પાટનગર ગાંધીનગરમાંથી થઈ રહ્યા છે. ભૂતકાળમાં આ પ્રકારનો ઉમદા કાર્યક્રમ યોજાયો નથી.

આજે ટી.વી પર આવતી વિવિધ ચેનલો દ્વારા દેશના બાળકોમાં રહેલ નૃત્ય અને અન્ય પ્રકારની વિશેષ કલા શક્તિને બહાર લાવવા માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પરંતુ મોટા સ્ટેજ સુધી પહોંચવું તમામ બાળકો માટે સરળ હોતું નથી, કયાં તો જરૂરી માર્ગદર્શન મળતું નથી. જેથી તેમના પડેલ શક્તિઓને તેઓ ઉજાગર કરી શકતા નથી. પણ રાજયની ૩૪ હજારથી વધુ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં રહેલી શક્તિઓને બહાર લાવવા માટે આ કાર્યક્રમ મદદ રૂપ બની શકશે. તેમજ નૃત્ય અને અન્ય કલા પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા બાળકોને યોગ્ય તાલીમ કે માર્ગદર્શન મળે તો તેઓ જરૂર પોતાના રસ ધરાવતા ક્ષેત્રમાં આગળ જઈ શકશે.

આજે આ પ્રસંગે ગાંધીનગરની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા અનેક વિધાર્થીઓ અને વિધાર્થીનીઓ દ્વારા પગ લુછણિયાં બનાવતાં, ફૂલદાની, મહેંદી જેવી પ્રવૃત્તિઓ કરી રહ્યાં છે. તેમને આ પ્રવૃત્તિ થકી આવક સાથે સાથે પોતાનો શોખ પણ પૂર્ણ થઈ રહ્યો છે. તેમજ આ બાળકો અભ્યાસ સાથે સાથે પોતાના પરિવારની આજીવિકામાં મદદ રૂપ બની રહ્યાં છે.

આજે ગાંધીનગરના આંગણે યોજાયેલ પ્રતિભા ખોજ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ વિવિધ શાળાના ૩૧૩ કલાકારો અને ૫૮૭ વિધાર્થીઓ મળી કુલ ૯૦૦ જેટલા વિધાર્થીઓ વિધાર્થીનીઓએ વિવિધ નૃત્ય, ડાન્સ સહિત વિવિધ સર્જનાત્મક કલા પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. સરકારી શાળઓના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ વિવિધ નૃત્ય અને કલાભિવ્યક્તિના કાર્યક્રમને મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ સહિત મહાનુભાવોએ મનભરીને નિહાળ્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હંસાબેન મોદી, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારસભ્ય શ્રી શંભુજીભાઈ ઠાકોર, મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.આર.ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી બારિયા, શાસનધિકારી શ્રી અસ્મિતાબેન દવે સહિત મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ અને બાળકો અને શિક્ષકગણ, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્પેશિયલ ઓલિમ્પિક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દરમ્યાન સ્પેશિયલ ઑલિમ્પિક્સની રમતોની તાલીમ આપી અને જુદી-જુદી સ્પર્ધાઓ માટે તૈયાર કરવાનો છે. જેનાથી આ રમતવીરોને તેમની શારીરિક ક્ષમતા વધારવાની તકો મળે, તેઓ તેમની હિંમતનું પ્રદર્શન કરી શકે, આનંદનો અનુભવ કરી શકે અને તેમની ક્ષમતાઓ, આવડતોની આપ-લે કરી શકે અને તેઓને સમાજ સાથે એકરૂપ થવાની તક પ્રાપ્ત થાય.

ખેલવીરો અને કોચ સાથે રાજયની સમગ્ર ટીમ મંગળવારે ગાંધીનગરની મહેમાન બની હતી, જ્યાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તેમને શુભકામનાઓ અર્પણ કરવામાં આવી હતી.

ટચૂકડી જાહેર ખબર
જગ્યા ભાડે આપવાની છે
(શો-રૂમ, બેન્ક, ઓફિસ લાયક)
પ્રથમ માળ-૧૪૦૦ ફુટ, બીજો માળ-૧૩૦૦ ફુટ
ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૩૮૬૦

માણસ બની શકાય

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દિવસની ઉજવણીના ભાગરૂપે એકપાત્રિય અભિનય સ્પર્ધાના વિજેતાઓને આશિષ ઉપેન્દ્ર ત્રિવેદીના હસ્તે નવાજવામાં આવ્યા હતા. આ તબક્કે ઉપસ્થિત કલાકારો તેમજ કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાંએ નગરના ટાઉનહોલને ઉપેન્દ્ર ત્રિવેદી નામાભિધાનથી નવાજવા સરકાર સમક્ષ માંગણી કરી હતી.નગરના કલા રસિકો તેમજ અભિનેતા મનોજ જોષી સહિતના કલાકારોએ આ વિચારને સમર્થન આપી વધાવ્યો હતો. ગુજરાતના શ્રેષ્ઠ ગાયક પાર્થિવ ગોહીલે સુરીલા અવાજમાં ગીતો રજુ કરી સ્કુલ ઓફ મ્યુઝિકનો પ્રારંભ કરાવ્યો હતો. પાર્થિવ ગોહીલના ધમાકેદાર પરફોર્મન્સે શ્રોતાઓને ડોલાવી દિધા હતા. કાર્યક્રમ દરમિયાન કલ્ચરલ સ્કુલ ઓફ ડાન્સિંગના કલાગુરુ ચંદન ઠાકોર શુભા દેસાઈ, કલ્પેશ દલાલ તેમજ કુશ બેન્કરના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓએ ભરત નાટયમ કથ્થક વેસ્ટર્ન ડાન્સ સહિતના લોકનૃત્યો રજુ કર્યા હતા.

પ્રવેશ અપાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જાગૃતતા કેળવાય તેમજ વધુ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લે તેવા પ્રયાસ હાથ ધર્યા હતા.જેના અંતે વિદ્યાર્થીઓની સંખ્યા વધી ગઈ હતી. જયારે બાકી રહેતા વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ ન મળે તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા વિભાગને નવી બેઠકોને મંજુર કરવા દરખાસ્ત કરવામાં આવી હતી. જે અન્વયે શિક્ષણ વિભાગના હકારાત્ક અભિગમને ધ્યાને લઈ આગામી દિવસોમાં શહેરની ગ્રાન્ટેડ શાળાઓમાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. આર ટી આઈની યોજના હેઠળ વિદ્યાર્થીઓને વિના મુલ્યે શિક્ષણ આપવાની સાથે ગણવેશ તેમજ ટ્રાન્સપોર્ટ સહિતની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. શિક્ષણ તંત્રકક્ષાએ હાલ આ યોજના અન્વયે વધુ ૧૨૫ વિદ્યાર્થીઓની પ્રતિક્ષા યાદી છે. જે મુજબ આગામી દિવસોમાં અગ્રતા ક્રમ નક્કી કરી પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર-૧૦એ, ગાંધીનગર (બીજો પ્રયત્ન)

ઝેરોક્ષિંગ અંગેની વાર્ષિક કામગીરીના કોન્ટ્રાક્ટ બાબતની ટેન્ડર નોટીસ નં. - ૨૦૧૫/૦૪

કચેરી દ્વારા વર્ષ : ૨૦૧૫-૧૬ની નકલદીઠ ઝેરોક્ષિંગ અંગેની વાર્ષિક કામગીરીનો કોન્ટ્રાક્ટ કરવાનો હોવાથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે જણાવેલ વિગતેથી રૂ. ૧૦૦/- (નોન રીફંડેબલ) રકમ જમા કરાવી ટેન્ડર ફોર્મ મેળવી કચેરી ખાતે સીલબંધ કવરમાં રજૂ કરવા તથા વધુ વિગતેથી કચેરીના વેબસાઈટ gsbstb.org ઉપરથી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે.

અ.નં.	વિગત	સમયગાળો
૧.	ટેન્ડર ફોર્મ વેચાણ શરૂ કરવાની તારીખ	તા.૨૧/૭/૧૫ સમય : ૧૧.૦૦ કલાકે
૨.	ટેન્ડર ફોર્મ વેચાણ બંધ કરવાની છેલ્લી તારીખ	તા. ૫/૮/૧૫ સમય : ૫.૦૦ કલાકે
૩.	ડોક્યુમેન્ટ બીડના કવરો રજૂ કરવાની છેલ્લી તારીખ	૬/૮/૧૫ સમય : ૫.૦૦ કલાકે
૪.	ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ	તા. ૭/૮/૧૫ સમય : ૧૧.૩૦ કલાકે

માહિતી/૯૨૨/૧૫-૧૬ નિયામક